ક્રમાંક:આઈ.ટી.સેલ/અટેન્ડન્સ/૨૦૧૯/ 1910-7953
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં.૯, પહેલો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર
તારીખ.19/૧૧/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ જિલ્લા

વિષય: કેન્દ્ર સરકાર સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની તેમજ શિક્ષકોની ઓનલાઈન અટેન્ડન્સ શરૂ કરવા બાબત

શ્રીમાન ,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, માનનીય સચિવશ્રી (શિક્ષણ) દ્વારા પ્રાથમિક શાળાઓમાં ચાલતી વિદ્યાર્થીઓની તેમજ શિક્ષકોની ઓનલાઈન અટેન્ડન્સ સિસ્ટમ ને રાજ્યની તમામ સરકારી ,બિનસરકારી અનુદાનિત,સેલ્ફ-ફાઈનાન્સ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ દાખલ કરવા સુચના આપવામાં આવેલ.

વધુમાં, માનનીય સચિવશ્રી (શિક્ષણ) ની સુચના અન્વયે SSA ની ઉક્ત ઓનલાઈન અટેન્ડન્સ સિસ્ટમમાં કેન્દ્ર સરકાર સંચાલિત (સેન્ટ્રલ શાળા,જવાહર નવોદય શાળા,સૈનિક શાળા,રેલ્વે વિદ્યાલય) શાળાઓના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોની ઓનલાઈન અટેન્ડન્સની કામગીરી ઝડપથી શરૂ કરવા તમામ શાળાઓને આપની કક્ષાએથી ત્વરિત સુચના આપવી.

કેન્દ્ર સરકાર સંચાલિત શાળાઓના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોની ઓનલાઈન હાજરી શરૂ કરવા માટે Students Portal તેમજ Teacher Portal માં તમામ જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોની માહિતી અપડેટ કરવા તેમજ જે શાળાની માહિતી અપડેટ થઇ ગયેલ હોય તેઓને ઓનલાઈન અટેન્ડન્સની કામગીરી ઝડપથી શરૂ કરવા આપની કક્ષાએથી સુચના આપવાની થાય.તેમજ જે શાળાઓમાં વિદ્યાર્થી સંખ્યા 0(શૂન્ય) બતાવેલ હોય અને શાળા બંધ થઇ ગયેલ હોય તેવી શાળાની ચકાસણી કરી તેને પોર્ટલ પરથી દુર કરવા અંગેની કાર્યવાહી ઝડપથી કરવા આપની કક્ષાએ લગત શાળાઓને જાણ કરવા જણાવવામાં આવે છે.

નોંધ પર માનનીય નિયામકશ્રીની મંજુરી મેળવેલ છે.

**ક્રમાંક:- જ.શિ.અ./ઓનલાઈન એટેન્ડન્સ/૨૦૧૯/ 77158-77581 તા.૨૦/૧૧/૨૦૧૯**

પ્રતિ,
આચાર્યશ્રી,(તમામ)
સરકારી,બિનસરકારી,નોન ગ્રાન્ટેડ શાળાઓ તરફ જાણ તેમજ અમલવારી સારૂ
જિલ્લો.બનાસકાંઠા,

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

Scanned by CamScanner